


# આહ્વાન

**A Monthly Bulletin of Shahpur Methodist Church**

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.



Email : revrajuparmar@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Raju N. Parmar
(M) 8238260259



વર્ષ - ૫૪ | ઓક્ટોબર - ૨૦૨૫ | પત્ર - ૧૪૬


## દશાંશ

ખ્રિસ્તમાં વ્હાલા ભાઈઓ અને બહેનો,
પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ.

ઓક્ટોબર માસ દશાંશ માસ તરીકે ઘણી મંડળીઓ ઉજવે છે. ઈશ્વરપિતાના જીવંત વચનો દ્વારા વિશ્વાસી ભાઈઓ અને બહેનોને દશાંશ આપવા સંબંધી શિક્ષણ આપવામાં આવે છે, દશાંશ એટલે આપણી આવકનો દશમો ભાગ જે ધાર્મિક હેતુસર ઈશ્વરની સેવાને માટે અર્પણ કરવો તે. દરેક ખ્રિસ્તી ભાઈઓ અને બહેનોની ધાર્મિક ફરજ છે કે દશાંશ આપવો. મંડળીઓમાં આજે પ્રશ્ન પૂછવામાં આવે છે કે શું દશાંશ આપવો ફરજીયાત છે?

**ઈબ્રાહિમે દશાંશ આપ્યું:** ઈબ્રાહિમ જયારે દશાંશ આપતો હતો ત્યારે કોઈ નિયમ ન હતો. તેણેપોતાની મરજીથી આભારસ્તુતિરૂપે દશાંશનું અર્પણ કર્યું. ઉત્પત્તિ ૧૪:૨૦ અને ઈબ્રાહિમે તેને સર્વમાંથી દશમો ભાગ આપ્યો. **યાકૂબે દશાંશ આપવાનું વચન ઈશ્વર સમક્ષ લીધું.** ઉત્પત્તિ ૨૮:૨૨ અને આ પથ્થર જે મેં સ્તંભ તરીકે ઊભો કર્યો છે, તે દેવનું ઘર થશે અને જે તું મને આપશે તે સર્વનો દશાંશ હું તને ખચીત આપીશ. યાકુબે ઈશ્વરની સમક્ષ વચન લીધું કે, જો તે પોતાના ઘરે સુરક્ષિત પહોંચશે તો ઈશ્વરને દશાંશનું અર્પણ કરશે. દશાંશ આપવું તે દરેક ખ્રિસ્તી વ્યક્તિની ધાર્મિક અને નૈતિક ફરજ છે.

**દશાંશ આપવા સંબંધી :** આપણા જીવનમાં સઘળી વસ્તુઓ ઈશ્વરની છે અને સઘળી સંપતિઓના આપનાર તે છે. ગી.શા. ૨૪:૧ પૃથ્વી તથા તેનું સર્વસ્વ યહોવાના છે. જગત તથા તેમાં રહેનારા પણ તેનાં છે. લેવીય ૨૭:૩૦ અને ભૂમિની સર્વ ઉપજ પછી તે ભૂમિનું બીજ હોય કે ઝાડનું ફળ હોય, પણ તેનો દશાંશ યહોવાનો છે. તે યહોવાને સારુંપવિત્ર છે. ૨ કરિંથી ૯:૬-૭, પણ આટલું તો ખરું છે કે, જે કૃપણતાથી વાવે છે, તે લણશે પણ કૃપણતાથી અને જે ઉદારતાથી વાવે છે, તે લણશે પણ ઉદારતાથી. જેમ દરેકે પોતાના હૃદયમાં અગાઉથી ઠરાવ્યું છે તે પ્રમાણે તેણે આપવું ખેદથી નહિ કે ફરજીયાત નહિ, કેમ કે ખુશીથી આપનારને ઈશ્વર ચાહે છે. ઈશ્વરનું જીવંત વચન વિશ્વાસી ભાઈઓ અને બહેનોને યોજના-પૂર્વક ઉદારતાથી આનંદ સાથે અને જેમ પ્રભુએ સમૃદ્ધ કર્યા છે તેમ પ્રમાણસર આપવાનું શીખવે છે.

**દશાંશ આપવાનો આશીર્વાદ :** માલાખી ૩:૧૦ દશાંશો ભર્યાપૂરા ભંડારમાં લાવો. જેથી મારા મંદિરમાં અન્નની છત રહે, અને એમ કરીને મારું પારખું તો લઈ જુઓ કે, હું તમારે સારું આકાશની બારીઓ ખોલી નાખીને સમાવેશ કરવાને પૂરતી જગા નહિ હોય, એટલો બધો આશીર્વાદ તમારા પર મોકલી દઉં છું કે, નહિ એવું સૈન્યોનો દેવ યહોવા કહે છે. જો આપણે દશાંશ આપવામાં વફાદાર અને પ્રામાણિક રહીએ તો ઈશ્વર આશ્ચર્યજનક વિપુલતા સાથે આપણને આશીર્વાદ આપશે. એટલે સુધી કે તેનો સમાવેશ કરવાની પૂરતી જગ્યા પણ નહિ રહે. લૂક ૬:૩૮ આપોને તમને અપાશે, સારું માપ દાબેલું ને હલાવેલું તથા ઉભરાતું તમારા ખોળામાં તેઓ ઠાલવી દેશે. કેમ કે જે માપથી તમે માપી આપો છો, તેથી તમને પાછું માપી આપવામાં આવશે. ઈશ્વરપિતાએ જે આશીર્વાદો આપણને આપ્યા છે, તે માટે તેમનો આભાર માનતા અને તેમની કદર કરતાં અને તેમનું ઋણ વ્યક્ત કરતાં દશાંશનું અર્પણ કરવું જોઈએ.

આપણા દશાંશની સેવાના બદલામાં ઈશ્વરપિતા આપણને સર્વ પ્રકારની પુષ્કળ કૃપા કરે છે, માટે ખુશીથી આપવું જોઈએ. જો તમારા જીવનમાં અને કુટુંબમાં તમારી આવકનો દશમો ભાગ ઈશ્વરને માટે અલગ ફાળવવાની પ્રથા ન હોય, તો તેની શરૂઆત આ મહિનાથી જ કરો, ઈશ્વરે આપેલા આશીર્વાદો માટે આભાર માનતા અને સ્તુતિ કરતાં તેનાં ઘરમાં દશાંશનું અર્પણ લઈને આવો, અને ઈશ્વરનો આશીર્વાદ પામો. આપણી આવકના પ્રમાણમાં ઈશ્વરની ઈચ્છા પ્રમાણે આપીએ. ખુશીથી આપનારને દેવ ચાહે છે. આમેન.

## સન્ડેસ્કૂલ

૨૦૨૫ના વર્ષમાં બાળકોના વિકાસ માટે જુદી-જુદી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોના પ્રોત્સાહન માટે મંડળી તરફથી તથા બાળપ્રેમીઓ તરફથી બાળકોને ઈનામ આપવામાં આવ્યા હતા.

૧. મે-૨૦૨૫ અભ્યાસક્રમ મુજબ ચાલી ગયેલા પાઠોમાંથી બધાં જ વિભાગની મૌખિક પરીક્ષા લેવામાં આવી હતી.
૨. જૂન-૨૦૨૫ ચિત્રસ્પર્ધા લેવામાં આવી હતી. તેમાં મંડળી તરફથી તથા શ્રી આલાપભાઈ જે. માસ્ટર તથા સારાહબેન એફ. ટેલર તરફથી બાળકોને ઈનામ આપવામાં આવ્યા હતા.
૩. જુલાઈ ૨૦૨૫ અભ્યાસક્રમના પુસ્તકમાંથી ચાલી ગયેલા પાઠોમાંથી મુખપાઠ કલમોની પરીક્ષા લેવામાં આવી. શ્રીમતી કલ્પનાબેન ડબલ્યુ. ક્રિસ્ટી તરફથી બાળકોને ઈનામ આપવામાં આવ્યા.
૪. ઓગસ્ટ-૨૦૨૫ વાર્તાકથન અને પાત્ર પરિચયની પરીક્ષા લેવામાં આવી. શ્રીમતી મંદાકીનીબેન એલ. પેલમોર તથા શ્રીમતી અરૂણાબેન એસ. ગામડિયા તરફથી બાળકોને ઈનામ આપવામાં આવ્યા.
૫. સપ્ટેમ્બર-૨૦૨૫ બાળકો દ્વારા શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી.

શ્રી અને શ્રીમતી નિલય એમ. ચૌહાણ તરફથી તેમના બાળકો એરિક અને એશલીનના જન્મ દિવસ નિમિત્તે તા. ૨૮-૯-૨૦૨૫ના રવિવારે સન્ડે સ્કૂલના બાળકો તથા શિક્ષકોને સન્ડેસ્કૂલમાં પ્રેમભેટ આપવામાં આવી હતી.

**સન્ડે સ્કુલ સુપ્રન્ટેન્ડન્ટ શ્રીમતી અરૂણાબેન એસ. ગામડીયા**


આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી બેન દાતા તરફથી મળેલ છે.

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : સપ્ટેમ્બર

- તા. ૩-૯-૨૦૨૫, અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની પાળક પ્રાર્થના સંગત મેથોડિસ્ટ ચર્ચ, ગાંધીનગરમાં મળી જેમાં ભાગ લીધો.
- તા. ૭-૯-૨૦૨૫, ટીચર્સ ડે સન્ડે તરીકે ઉજવવામાં આવ્યો. ભજનસેવામાં મેજની સંગતમાં જોડાયા. ખ્રિસ્તી કેળવણી અને ઉછેર સમિતિ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં શિક્ષક તરીકે સેવા આપનાર સર્વનું શ્રીમતી નિમિષાબેન પી. ક્રિશ્ચિયન તરફથી ફુલ-પેન આપીને સન્માન કરવામાં આવ્યું. સન્ડે સ્કૂલના બાળકો દ્વારા સુંદર કાર્ડસ બનાવી અને ટીચર્સને આપ્યા હતા. સન્ડેસ્કૂલના બાળકોની મૌખિક અને લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. તેમાં ભાગ લેનાર અને ઉત્તિર્ણ થનાર બાળકોને શ્રીમતી અરુણાબેન એસ. ગામડિયા અને શ્રીમતી મંદાકીનીબેન એલ. પેલમોર તરફથી બાળકોને ઈનામ આપવામાં આવ્યા હતા.
- તા. ૯-૯-૨૦૨૫, સ્વ. મનોજકુમાર સી. ચૌહાણ પ્રભુમાં ઊંઘી ગયા, તેમની દફનક્રિયા કરવામાં આવી. દુઃખિત પરિવારને આપની અંગત પ્રાર્થનાઓમાં ધરી રાખશો.
- તા. ૨૧-૯-૨૦૨૫, મેથોડિસ્ટ ચર્ચ, રાયખડમાં ક્વાયર સેમિનારમાં ક્વાયરના સભ્યોએ ભાગ લીધો. ક્વાયર દ્વારા ગીત રજૂ કરવામાં આવ્યું હતું. સેમિનાર બાદ ડિસ્ટ્રીક્ટ મિશન બોર્ડની મિટીંગમાં મળ્યા હતા.
- તા. ૨૮-૯-૨૦૨૫, પાળક રેવ. રાજુ એન. પરમાર, અગાપે મેથોડિસ્ટ ચર્ચ, રાણીપુરમાં વિદાય હોવાથી ગયા હતા. શ્રી આલાપભાઈ માસ્ટરે ભજનસેવાનું લીડીંગ કર્યું. શ્રીમતી સુધાબેન વી. મેકવાન પ્રભુનું વચન લાવ્યા હતા. સિયોન મેથોડિસ્ટ ચર્ચ, સાબરમતીમાં વી.બી.એસ. ટીચર્સ ટ્રેનીંગ સેમિનારમાં ૧૨ વ્યક્તિઓએ ભાગ લીધો હતો.
- દર શુક્રવારે પ્રાર્થના સંગત અને બાઈબલ અભ્યાસ માટે મળ્યા હતા.

## વર્ષ ૨૦૨૪-૨૫ વિદ્યાર્થી સન્માન સમારંભ

- તા. ૧૦-૮-૨૦૨૫ના રવિવારે ભજનસેવામાં વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન મંડળીના જે વિદ્યાર્થી ભાઈ-બહેનો ધો.૧૦, ધો.૧૨, ગ્રેજ્યુએટ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ હતા તેઓ સર્વને મંડળી તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા અને તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## વી.બી.એસ. ૨૦૨૫

**આપણી મંડળી દ્વારા આયોજીત વી.બી.એસ.**

તા. ૨૦-૧૦-૨૦૨૫ થી તા. ૨૬-૧૦-૨૦૨૫
સમય : સવારે ૮:૦૦ થી ૧૨:૦૦ કલાકે
સ્થળ : મેથોડિસ્ટ ચર્ચ, શાહપુર
સર્વ બાળકોને વી.બી.એસ.માં ભાગ લેવા પ્રેમભર્યું આમંત્રણ છે.
આવો... પ્રાર્થના સહિત ભાગ લો... આશીર્વાદ પામો...

## નાણાંકીય અહેવાલ ઓગસ્ટ - ૨૦૨૫

| | | |
|---|---|---|
| **તા.૧-૮-૨૫ ની ઉઘડતી સિલક** | | |
| | રોકડ | ૧૩૩૦૨-૦૦ |
| | બેંક | ૬૮૫૯૪૮-૫૯ |
| **તા.૩૧-૮-૨૫ સુધીની** | આવક | ૧૦૯૦૭૦-૦૦ |
| | કુલ | ૮૦૮૩૨૦-૫૯ |
| **તા.૩૧-૮-૨૫ની બંધ સિલક** | | |
| | રોકડ | ૩૧૯૬૯-૦૦ |
| | બેંક | ૬૪૬૧૭૩-૫૯ |
| **તા.૩૧-૮-૨૫ સુધીનો** | ખર્ચ | ૧૩૦૧૭૮-૦૦ |
| | કુલ | ૮૦૮૩૨૦-૫૯ |

**માનદ્ શ્રી નિલેષ એસ. ક્રિશ્ચિયન, ટ્રેઝરર**

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉર્મિલાબેન આર. સોલંકી | ૫૦૦ | જીનલ સી. વરસડા | ૫૦૦ | ડોરીન નિલેશ મેકવાન | ૫૦૦ |
| (મેડીકલ પેટે) | | નોએલ એસ. ક્રિસ્ટી | ૨૦૦ | રેનોલ્ડ નિલેશ મેકવાન | ૫૦૦ |
| આર્થર એ. પેટ્રીક | ૨૦૦ | જેનેટબેન પી. ક્રિશ્ચિયન | ૧૦૦૦ | સુનિલભાઈ કે. મેકવાન | ૧૦૦૦ |
| સુરાગ કે. વાઘેલા | ૨૦૦ | ઉર્મિલાબેન આર. સોલંકી | ૫૦૦ | સુલેમાનભાઈ એસ. ક્રિશ્ચિયન | ૫૦૦ |
| સારાબેન એફ. ટેલર | ૫૦૦ | રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન | ૫૦૦ | અલ્પા આર. પરમાર | ૨૫૦ |
| એવીસ એન્થોની ઈમાનુએલ | ૧૦૦૦ | શેરીલ આર. ક્રિશ્ચિયન | ૫૦૦ | નિલેશ્વરીબેન એન. ક્રિશ્ચિયન | ૪૦૦ |
| શરદભાઈ જે. માસ્ટર | ૫૦૦ | સ્મૃતિબેન સતિષભાઈ ક્રિશ્ચિયન | ૧૦૦૦ | પારૂલબેન ઓ. ગામડિયા | ૫૦૦ |
| એમ્બ્રોઝભાઈ એ. પેટ્રીક | ૫૦૦ | હસુમતીબેન વી. રાઠોડ | ૧૦૦ | એન્જલીના આર. પરમાર | ૨૦૦ |
| સિલાસભાઈ જી. ચૌહાણ | ૫૦૦ | જીની જોન મેકવાન (સા.દાન) | ૧૦૦૦ | શશીબાળાબેન એસ. પરમાર | ૩૦૦૦ |
| ડોરોથીબેન જે. દાસ | ૧૦૦૦ | જોય જોન મેકવાન (સા. દાન) | ૧૦૦૦ | નિલેશ આર. રાઠોડ | ૫૦૦ |

## BIRTHDATE IN OCTOBER

૩/૧૦ તેજસ્વી રોહિત ફ્રાન્સીસ
૩/૧૦ ખ્રિસ્તી જયશ્રી સુનિલભાઈ
૩/૧૦ ખ્રિસ્તી રૂચિત સુનિલભાઈ
૭/૧૦ એશલિન નિલય ચૌહાણ
૭/૧૦ એરિક નિલય ચૌહાણ
૭/૧૦ આર્નોન થોમસ ક્રિશ્ચિયન
૮/૧૦ અંકુર એસ. સોલોમન
૯/૧૦ વિહાન વિનોગ રાઠોડ
૯/૧૦ રીયાન એસ. માસ્ટર
૯/૧૦ વિનોદ એફ. રાઠોડ
૧૩/૧૦ પ્રતિમાબેન એ. માસ્ટર
૧૫/૧૦ પ્રાર્થન એસ.મેકવાન (U.S.A.)
૧૬/૧૦ નેન્સી અતુલભાઈ મહિડા
૧૬/૧૦ સ્નેહાબેન આર. હિવાળે
૧૭/૧૦ રોઝમેરી રાજેશભાઈ રાઠોડ
૧૭/૧૦ એલેક્સ નોએલ ક્રિસ્ટી
૧૮/૧૦ સ્મિતલત્તા રાજેશ ક્રિશ્ચિયન
૨૩/૧૦ શર્મિલા સુદીપ અર્લિક
૨૩/૧૦ રાજશ્રી ડી. મેકવાન (U.S.A.)
૨૪/૧૦ નોએલ એલ. ક્રિશ્ચિયન
૨૫/૧૦ નિલય મનોજકુમાર ચૌહાણ
૨૫/૧૦ દિશા મિલીન્દ કાપડીઆ
૨૮/૧૦ કમલેશ એડવીનભાઈ મસિહી
૨૮/૧૦ માર્ટીના તનયકુમાર વાઘેલા
૨૯/૧૦ પ્રફુલ્લ એ. વિન્સેન્ટ
૩૦/૧૦ સંગીતા નિલેશ પરીખ
૩૧/૧૦ રાજેશ એસ. ક્રિશ્ચિયન (U.S.A.)
૩૧/૧૦ પ્રતિજ્ઞા સુનિલભાઈ ક્રિશ્ચિયન